| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૪/૧૨/૨૦૨૪ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૮૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૨૩૯ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૮૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૮૮૫/૨૦૨૪

વસ્ત્રાપુરઃ ઘાટલોડીયા જનતાનગર રેલ્વે ક્રોસિગ પાસે શ્રીનાથ નિરંજનનગર સોસાયટી ખાતે રહેતી મહીલાએ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આ મહીલા વસ્ત્રાપુર વિસ્તારમાં સલુનનો ધંધો કરતી હોય આરોપી વિરમસિંહ ભોજુભાઇ રાઠોડ (મુળ ગામ-ખાંભા, અમરેલી) નાઓના સંપર્કમાં આવતા તેઓએ પ્રધાનમંત્રી આવાસ યોજનાની સચિવાલયની કચેરીમાં સરકારી નોકરી કરતા હોવાની ખોટી ઓળખ આપી સોલા સાયન્સ સીટી રોડ હેતાર્થ પાર્ટી પ્લોટ સામે પ્રધાનમંત્રી આવાસ યોજના ખાતેના ત્રણ મકાન મહીલાને ફાળવવાની લાલચ આપી વિશ્વાસમાં લઇ માહે સપ્ટેમ્બર ૨૦૨૨ થી તા.૦૫/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન મહીલા પાસેથી ત્રણ મકાન પેટે કુલ રૂપિયા ૧૮,૪૫,૦૦૦/- મેળવી લઇ ત્રણ મકાન અંગે ખોટી સહીવાળા સરકારી ફાળવણી પત્ર આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

**ચાંદખેડાઃ** રૂપિક કેપીટલ પ્રા.લી.માં કામ કરતા ગુલામઝેદ સ/ઓ ગુલામદસ્તગીર શેખ એ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ રૂપિક કેપીટલ કંપનીની બેંગલોર ખાતેની ઓફીસથી લીડ આવતા જેમાં વિનોદ રામગોપાલ સોની (રહે. ગોકુલધામ એપાર્ટમેન્ટ પલક એપાર્ટમેન્ટ સામે આર.ટી.ઓ રોડ ભાવસાર હોસ્ટેલ સામે નવા વાડજ) નું નામ સરમાનું તેમજ સંપર્ક નંબર હોય જે સંપર્ક નંબર ઉપર સંપર્ક કરતા તેઓએ મોટેરા ફોર-ડી સ્કવેર મોલમા ઓફીસ નંબર-૨૪ ચોથો માળ ચામુંડા એન્ટરપાઈઝ ચાંદખેડા ખાતે હોવાનું જણાવતા ગુલામઝેદ શેખ અને લોન મેનેજર નાઓ તેમને મળવા માટે ગયા હતા અને લોનની પ્રોસેસ સમજાવેલ દરમ્યાન વિનોદ સોનીએ જણાવેલ કે અન્ય જગ્યાએ રૂપિયા ૧૫,૫૪,૦૦૦/- ગોલ્ડ લોન ચાલતી હોય જે લોન રૂપિક કેપીટલ પ્રા.લી.માં ટેકઓવર કરાવવાનું જણાવતા ગુલામઝેદ શેખ અને લોન મેનેજરે વિનોદ રામગોપાલ સોનીના જરૂરી દસ્તાવેજ મેળવી લોનને પ્રોસેસ કરી હતી દરમ્યાન વિનોદ રામગોપાલ સોનીના પત્નીને વારસદાર તરીકે હાજર રાખેલ હતા. જે સમયગાળા દરમ્યાન લોનના નાણાં વિનોદ રામગોપાલ સોનીના ખાતામાં જમા થઈ ગયેલ અને ગોલ્ડ લેવા વિનોદ સોની પતિ-પત્ની અને ગુલામઝેદ શેખ તેમજ લોન મેનેજર જ્યા ગોલ્ડ લોન ચાલતી હતી તે ઓફીસ ખાતે ગયા હતા. જયાં ગુલામઝેદ શેખ તેમજ લોન મેનેજરને ઓફીસ બહાર ઉભા રાખી પતિ-પત્ની ઓફીસમાં ગયા હતા. થોડા સમય પછી ઓફીસમાંથી બહાર આવી જણાવેલ કે સિસ્ટમ ચાલતી નથી થોડીવાર પછી આવીને ગોલ્ડ લઈને તમને આપીશું તેમ કહી ત્યાંથી જતા રહ્યા હતા. જેઓએ આજદીન સુધી રૂપીક ગોલ્ડ લોનમાંથી લીધેલ લોનના નાણાં ૧૫,૫૪,૦૦૦/- નહી ભરી તેમજ ગોલ્ડ કંપનીમાં જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૮૬/૨૦૨૪</u>**

**શાહપુરઃ** હેમેન્દ્રભાઈ ધુડાલાલ સંઘવી (રહે. ગગનવિહાર એપાર્ટમેન્ટ શાહપુર) એ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૪ બપોરના ૧/૩૦ થી કલાક ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં પાણીની પાઇપ ચેક કરવાના બહાને આવેલ એક પુરૂષ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રાવલ ચલાવે છે.

**ખાડીયાઃ** નિકીતાબહેન ડૉ/ઓ રમેશભાઇ રાણા (ઉ.વ.૩૦) (રહે. દ્વારકાધીશની પોળ આસ્ટોડીયા રોડ ખાડીયા) એ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૪ થી તા.૨૨/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૪૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ ઈ.પો.સ.ઇ.શ્રી એચ.બી.રાઠવા ચલાવે છે.

## આયસર પલ્ટી ખાઈ જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૮૮૭/૨૦૨૪**

**“એન” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નરોડા જીઆઈડીસી સામે એટકો મારબલ કંપની ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા કુલબાબુ કુમાર મનોજ ભગીરથ રાય (મુળ વતન. ગામ-લોમા થાના-ગાયઘાટ તા.જી-મઝ્ઝફરપુર બિહાર) એ “એન” ટ્રાફીક પોલીસ સ્ટેશન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે પોતાનો ભાઈ મણીકુમાર રાય (ઉ.વ.૨૦) પણ તેમની સાથે રહેતો હતો અને તે પણ મજુરી કામ કરતો હતો. તા.૨૩/૧૨/૨૦૨૪ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે કંપની ખાતેથી આયસર ગાડી નંબર જીજે ૦૧ એલટી ૩૭૪૯ માં મારબલ ભરી આયસરમાં બેસી ભાડજ બ્રીજ ઉતરતા આયસર ગાડી ચાલક સંજયજી ધવલજી ઠાકોર (રહે. ચામુંડાનગર વિભાગ-અ નોબલનગર નરોડા) એ ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા આયસર ગાડી પલ્ટી ખાઈ જતા ગાડીમાં બેસેલ અન્ય મજુરોને મુઢ ઈજાઓ થયેલ તેમજ મણીકુમાર રાયને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મણીકુમાર રાયને મૃત જાહેર કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એ.મારવાડા ચલાવે છે.

## દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૮૮૮/૨૦૨૪**

**નારોલઃ** આકાશ ફેશન કંપનીમાં કામ કરતા ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ તુલસીભાઈ સોલંકી (ઉ.વ.૨૮) (રહે. ઉમંગ-૮ રંગોલીનગર સામે હાઈફાઈ ચાર રસ્તા પાસે નારોલ) તા.૦૧/૧૨/૨૦૨૪ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે આકાશ ફેશન કંપનીમાં ટર્બાઈન ખાતામાં મશીનનું રીડીંગ લેવા ગયા હતા ત્યારે ટર્બાઈન મશીનમાંથી ગરમ વરાળ નિકળતા ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ સોલંકી દાઝી ગયા હતા. સારવાર માટે તેમને શક્તિ જનરલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૧૨/૨૦૨૪ કલાક ૧૨/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ અર્જુનભાઇ ચલાવે છે.

## આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૮૯/૨૦૨૪**

**એલીસબ્રીજઃ** આંબાવાડી રૂદ્ર કોમ્પલેક્ષ પાછળ અતિથી બોયઝ હોસ્ટલ રૂમ નંબર-૨ ખાતે પી.જી.માં રહેતા રિષભ સ/ઓ રાજેશકુમાર જૈન (ઉ.વ.૨૬) (મુળ વતન. માન સરોવર અગ્રવાલ ચેમ્બર જયપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે બારીના સળીયા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રઝાકભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**વટવાઃ** ફેમીદાબાનુ વા/ઓ મોહમદસાજીદ શેખ (ઉ.વ.૩૬) (રહે. બ્લોક નં-૬૮/૨૧૫૮ શ્યામાપ્રસાદ મુખર્જીનગર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૪ કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી